દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શનિવાર ૧૧ એપ્રિલ, ૨૦૨૬

# જસ્ટિસ વર્માએ તો જે દિવસે નોટના બંડલ મળ્યા તે જ દિવસે રાજીનામું આપી દેવું જોઈતું હતું

સુપ્રીમ કોર્ટની ઈજ્જતને દાવ પર મુકી દેનાર અલ્હાબાદ હાઈકોર્ટના જસ્ટિસ યશવંત વર્માએ આખરે રાજીનામું આપી દીધું. ગત તા.14 માર્ચ 2025 ના રોજ તેમના દિલ્હી સ્થિત ઘરમાં લાગેલી આગમાં ફાયરને રૂપિયા 500-500ની નોટોના બળેલા બંડલ મળ્યા હતા. આ વિવાદ બાદ તેમને દિલ્હી હાઈકોર્ટથી અલ્હાબાદ હાઈકોર્ટમાં ટ્રાન્સજોકે, તેમને કોઈ જવાબદારી સોંપવામાં આવી ન હતી. જ્યાં સુધી તેમની સામે ચાલી રહેલી તપાસ પૂરી ન થાય ત્યાં સુધી તેમને ન્યાયિક કાર્યોથી દૂર રાખવામાં આવ્યા હતા. કેશ કાંડમાં નામ આવ્યા બાદ જસ્ટિસ વર્મા વિરુદ્ધ ત્રણ હાઈકોર્ટના ન્યાયાધીશો દ્વારા તપાસ કરવામાં આવી હતી અને તેમાં જસ્ટિસ વર્મા દોષિત ઠર્યા હતા અને તેમને હટાવવાની ભલામણ કરવામાં આવી હતી. ત્યારબાદ સરકારે લોકસભામાં મહાભિયોગ પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો. જેને સંસદમાં મહાભિયોગ પ્રસ્તાવ રજૂ કર્યો, જેને 146 સાંસદોના સમર્થન સાથે અધ્યક્ષે મંજૂર કર્યો હતો. જેથી જસ્ટિસ વર્માએ પોતાની વિરુદ્ધ લાવવામાં આવેલા મહાભિયોગ પ્રસ્તાવને પડકાર્યો હતો અને રજૂઆત કરી હતી કે લોકસભા અધ્યક્ષે જજ (તપાસ) કાયદો 1968ની કલમ 3(2) હેઠળ તપાસ પેનલ બનાવી, જે બંધારણની વિરુદ્ધ છે. જસ્ટિસ વર્માના વકીલે કહ્યું કે જજને હટાવવા સંબંધિત પ્રસ્તાવ લાવતા પહેલા લોકસભા અને રાજ્યસભા બંને મળીને તપાસ સમિતિ બનાવે, માત્ર લોકસભા સ્પીકર એકલા આ કમિટી ન બનાવે. આ રજૂઆતને પગલે સુપ્રીમ કોર્ટે 16 ડિસેમ્બર 2025ના રોજ લોકસભા સ્પીકર ઓમ બિરલાને નોટિસ જારી કરી હતી. જસ્ટિસ દીપાંકર દત્તા અને એજે મસીહની બેન્ચે લોકસભા સ્પીકર કાર્યાલય અને બંને સદનોના મહાસચિવો પાસેથી જવાબ માંગ્યો હતો. જસ્ટિસ દત્તાએ પૂછ્યું હતું કે- રાજ્યસભામાં પ્રસ્તાવ નામંજૂર થયો હોવા છતાં લોકસભામાં સમિતિ બનાવવામાં આવી. સંસદમાં આટલા બધા સાંસદો અને કાયદાકીય નિષ્ણાતો હાજર હતા, પરંતુ કોઈએ આ તરફ ધ્યાન આપ્યું નહીં, સંસદમાં હાજર કાયદાકીય નિષ્ણાતોએ આવું થવા કેવી રીતે દીધું? અંતે ગત તા.6ઠ્ઠી જાન્યુ.એ સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે તપાસ સમિતિની રચનામાં કેટલીક ખામીઓ જોવા મળે છે. તા.7મી જાન્યુ.ના રોજ સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે લોકસભા સ્પીકર દ્વારા ગઠિત સંસદીય તપાસ પેનલમાં કેટલીક ખામીઓ દેખાય છે. ત્યારબાદ તા.8મી જાન્યુ.ના રોજ સુપ્રીમ કોર્ટે જસ્ટિસ વર્માની અરજી પર ચુકાદો સુરક્ષિત રાખ્યો હતો. જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ સતીશ ચંદ્ર શર્માની બેન્ચે બે દિવસની સુનાવણી બાદ આ નિર્ણય લીધો હતો. જોકે, બેન્ચે જસ્ટિસ વર્માને સંસદીય સમિતિ સમક્ષ જવાબ દાખલ કરવા માટે સમય વધારવાની ના પાડી દીધી હતી.સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે જજીસ ઇન્ક્વાયરી એક્ટ હેઠળ લોકસભા સ્પીકર પાસે એ અધિકાર છે કે તેઓ જસ્ટિસ વર્મા વિરુદ્ધ ભ્રષ્ટાચારના આરોપોની તપાસ માટે સમિતિ ગઠિત કરી શકે, ભલે રાજ્યસભામાં આવો જ પ્રસ્તાવ રદ થઈ ચૂક્યો હોય.

જસ્ટિસ વર્માએ તો ખરેખર જે દિવસે ચલણી નોટના બંડલ મળ્યા ત્યારે જ રાજીનામું આપી દેવું જોઈતું હતું. ન્યાયતંત્ર હંમેશા શંકાથી પર હોવું જોઈએ. જસ્ટિસ વર્માની વિરૂદ્ધમાં મહાભિયોગ પ્રસ્તાવ પાસ કરવો પડે તે જ મોટી કમનસીબી છે. પ્રથમ નજરે જ જણાઈ આવતું હતું કે આટલા મોટા પ્રમાણમાં મળેલા નાણા એ ભ્રષ્ટાચારના જ હોઈ શકે. પરંતુ જસ્ટિસ વર્માએ બચવા માટે અને જસ્ટિસ તરીકે રહેવા માટે અનેક પ્રયાસો કર્યા પરંતુ તેમણે રાજીનામું આપી જ દીધું. જો તેમણે જે તે દિવસે જ રાજીનામું આપી દીધું હોત તો ન્યાયતંત્રની ગરીમા જળવાઈ હોત તે નક્કી છે.

# ભાજપના બે મુખ્યમંત્રીઓ સામે ગંભીર આક્ષેપો

ભાજપના આ બંને દિગ્ગજ નેતાઓ અને મુખ્યમંત્રી ચર્ચામાં છે. એક સામે સીબીઆઈ તપાસ માટેનો હુકમ થયો છે અને બીજા શંકાના ઘેરામાં છે. આ બેય મુખ્યમંત્રી ઈશાન ભારતમાં છે. એક છે. અરુણાચલનાં મુખ્યમંત્રી પેમા ખાંડુ અને બીજા છે આસામના મુખ્યમંત્રી હેમન્તા બિસ્વા શર્મા અને મજાની વાત એ છે કે, બંનેનાં મૂળ કોન્ગ્રેસનાં છે. બંને કોંગ્રેસમાં હતા અને ભાજપમાં આવ્યા એ શુદ્ધ થઈ ગયા. ભાજપે કોંગ્રેસમુક્ત ભારતનું અભિયાન ચલાવ્યું એ સત્તાની દૃષ્ટિએ સફળ જરૂર થયું પણ એના કારણે કોન્ગ્રેસના દાગદાર નેતાઓ ભાજપમાં ટોચના હોદ્દાઓ પર છે અને એ કારણે પાર્ટી વિથ અ ડીફરન્સની વાત હવે રહી નથી.

પેમા ખાંડુ સામેનો કેસ હાલમાં સૌથી વધુ ચર્ચામાં છે કારણ કે સુપ્રીમ કોર્ટે CBI તપાસનો આદેશ આપ્યો છે. તેમના પર આરોપ છે કે તેમણે છેલ્લાં ૧૦ વર્ષમાં (જાન્યુઆરી ૨૦૧૫ થી ડિસેમ્બર ૨૦૨૫) સરકારી તિજોરીમાંથી અંદાજે ૧,૨૭૦ કરોડના કોન્ટ્રેક્ટ્સ પોતાના નજીકના સંબંધીઓને આપ્યા છે. આ કોન્ટ્રેક્ટ્સ તેમની પત્ની, ભાઈ (શેરિંગ તાશી), સાવકી માતા અને અન્ય સંબંધીઓની માલિકીની ફર્મ્સને આપવામાં આવ્યા હતા. આક્ષેપ છે કે મોટા ભાગના કોન્ટ્રેક્ટ્સ કોઈ પણ પ્રકારના ‘ઓપન ટેન્ડર’ વગર, સત્તાનો દુરુપયોગ કરીને સીધા જ ફાળવી દેવામાં આવ્યા હતા.

આવા આક્ષેપો કોઈ બીજા પક્ષના મુખ્યમંત્રી સામે થયા હોત તો? ભાજપ એની પાછળ પડી જાત. એમનું રાજીનામું લઈને જ જપ્ત. પણ આ તો છાંટા પોતા પર ઊડ્યા છે. પેમાને રાજીનામું આપવા કહેવાયું નથી.

બીજા આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા તો ભાજપના લાડકા છે અને ઈશાન ભારતની બાગડોર એમને સોંપવામાં આવી છે. એય કોંગ્રેસમાં જ હતા પણ ભાજપમાં આવ્યા અને મુખ્યમંત્રી બની ગયા. એમની સામે એકથી વધુ આક્ષેપો છે. ૨૦૨૨માં જ્યારે તેઓ સ્વાસ્થ્ય મંત્રી હતા, ત્યારે તેમની પત્નીની કંપની અને દીકરાના બિઝનેસ પાર્ટનરની કંપનીઓને બજાર ભાવ કરતાં ઊંચા ભાવે પીપીઈ કિટ સપ્લાય કરવાના ઓર્ડર આપ્યા હતા. એ કોંગ્રેસમાં હતા ત્યારે એમની શારદા કૌભાંડનો આક્ષેપ તો ખુદ ભાજપે જ મૂક્યો હતો. પણ ભાજપમાં આવ્યા બાદ કેસ રફેદફે થઈ ગયો અને હવે એમની સામે કોંગ્રેસે ગંભીર આક્ષેપ કર્યો છે. કોંગ્રેસ નેતા પવન ખેડા અને ગૌરવ ગોગોઈએ આક્ષેપ કર્યો છે કે સીએમની પત્ની પાસે ત્રણ અલગ અલગ દેશોના પાસપોર્ટ છે (જેમાં બે ઈસ્લામિક દેશોનો સમાવેશ થાય છે) અને દુબઈમાં બેનામી મિલકતો છે.જો કે, આ સામે હેમંતાની પત્નીએ કેસ કર્યો છે અને આસામ પોલીસ પવન ખેડાની પાછળ પડી છે. હેમન્તાએ આને ‘પાકિસ્તાની સોશ્યલ મીડિયા ગ્રુપ’ દ્વારા ફેલાવાયેલી ફેક ન્યૂઝ ગણાવી છે.

ભાજપમાં આવ્યા બાદ નેતાઓ ધનવાન થઈ જાય છે. અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાંડુ ભારતભરના સૌથી ધનિક મુખ્યમંત્રીઓની યાદીમાં બીજા ક્રમે આવે છે. ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં તેમણે રજૂ કરેલા એફિડેવિટ (સોગંદનામું) અને એસોસીએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સના ૨૦૨૫-૨૬ના અહેવાલ મુજબ કુલ સંપત્તિ અંદાજે ૩૩૨ કરોડથી વધુ છે. ૨૦૧૯માં તેમની સંપત્તિ ૧૬૩ કરોડ હતી, જે ૨૦૨૪ સુધીમાં ૧૦૦% થી વધુ વધીને ૩૩૨ કરોડ થઈ ગઈ હતી. ભારતભરના મુખ્યમંત્રીઓમાં માત્ર આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુ જ સંપત્તિની દૃષ્ટિએ તેમનાથી આગળ છે.

આસામમાં ભારે મતદાન થયું છે પણ મતદાન પહેલાં કોંગ્રેસે આક્ષેપો કર્યા છે. આમેય હેમન્તા પહેલેથી જ મુસ્લિમ વિરોધી નિવેદનથી વિવાદમાં છે જ અને આસામમાં આ કારણે ભાજપને કોઈ નુકસાન થાય છે કે કેમ એ જોવાનું રસપ્રદ બનવાનું છે.

**હવે એમપીમાં પણ યુસીસી …**

ભાજપ એક ચોક્કસ રણનીતિ પ્રમાણે આગાળ વધી રહ્યો છે. એક પછી એક રાજ્યમાં નિર્ણયો લેવાઈ રહ્યા છે. ઉત્તરાખંડ અને ગુજરાત બાદ હવે ભાજપ શાસિત મધ્યપ્રદેશમાં પણ સમાન નાગરિક સંહિતા (UCC) લાગુ કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે રાજ્યના ગૃહ વિભાગને વર્ષ ૨૦૨૬ના અંત સુધીમાં UCC બિલ પસાર કરવા માટેનો ડ્રાફ્ટ તૈયાર કરવા સૂચના આપી છે. મુખ્યમંત્રીએ મંત્રીઓને સૂચના આપી છે કે તેઓ ગુજરાત અને ઉત્તરાખંડમાં યુસીસી લાગુ કરતી વખતે કયા પ્રકારના પડકારો સામે આવ્યા હતા તેનો ઊંડો અભ્યાસ કરે. ઉત્તરાખંડ અને ગુજરાતની જેમ જ મધ્ય પ્રદેશમાં પણ આદિવાસી સમુદાયને યુસીસીના દાયરામાંથી બહાર રાખવામાં આવશે તેવી

## રાજ્યોની વણઝાર

**કૌશિક મહેતા**

> **ભાજપ એક ચોક્કસ રણનીતિ પ્રમાણે આગાળ વધી રહ્યો છે. એક પછી એક રાજ્યમાં નિર્ણયો લેવાઈ રહ્યા છે. ઉત્તરાખંડ અને ગુજરાત બાદ હવે ભાજપ શાસિત મધ્યપ્રદેશમાં પણ સમાન નાગરિક સંહિતા (UCC) લાગુ કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે**

શક્યતા છે. ભાજપ આ રીતે એમની આદિવાસી વોટબેંક જાળવી રાખવા માગે છે.

વિપક્ષી પાર્ટી કોંગ્રેસે આને ‘ધ્યાન ભટકાવવાની ચાલ’ ગણાવી છે. કોંગ્રેસના પ્રવક્તાએ આક્ષેપ કર્યો છે કે સરકાર ખેડૂતોની સમસ્યા અને બેરોજગારી જેવા અસલી મુદ્દાઓ પરથી જનતાનું ધ્યાન હટાવવા માટે આ કરી રહી છે. કોન્ગ્રેસના વિરોધનું કાંઈ આવવાનું નથી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ આસામમાં એક સભા દરમિયાન દેશભરમાં UCC લાગુ કરવાના ભાજપના વાયદાનો પુનરોચ્ચાર કર્યો હતો.

**છતીસગઢમાં જોગી યુગનો અંત!**

છત્તીસગઢ હાઈકોર્ટે ૨૦૦૩ના બહુચર્ચિત રામાવતાર જગ્ગી હત્યા કેસમાં પૂર્વ મુખ્યમંત્રી અજીત જોગીના પુત્ર અમિત જોગીને દોષિત ઠેરવી આજીવન કેદની સજા ફટકારી છે. ચીફ જસ્ટિસ રમેશ સિંહા અને જસ્ટિસ અરવિંદ કુમાર વર્માની બેન્ચે નીચલી અદાલતના ૨૦૦૭ના નિર્ણયને રદ કર્યો છે. નીચલી અદાલતે પુરાવાના અભાવે અમિત જોગીને મુક્ત કર્યા હતા, જ્યારે અન્ય ૨૮ આરોપીઓને સજા કરી હતી. ૪ જૂન, ૨૦૦૩ના રોજ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP) ના નેતા રામાવતાર જગ્ગીની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. જગ્ગી પૂર્વ કેન્દ્રીય મંત્રી વિદ્યાચરણ શુક્લના નજીકના ગણાતા હતા. હાઈકોર્ટે નોંધ્યું કે એક જ પુરાવા કે જુબાનીના આધારે કેટલાક આરોપીઓને સજા આપવી અને મુખ્ય કાવતરાખોરને છોડી દેવો એ ન્યાયસંગત નથી.

અજીત જોગીના અવસાન બાદ અમિત જોગી જ જેસીસી - જે પક્ષના મુખ્ય ચહેરો હતા. હવે જેલની સજા થવાથી પક્ષ પાસે કોઈ મોટો નેતા બાકી રહેશે નહીં. જો ઉપરની અદાલત આ સજા પર સ્ટે ન આપે, તો અમિત જોગી ભવિષ્યમાં ચૂંટણી લડવા માટે ગેરલાયક ઠરી શકે છે. નેતા જેલમાં જવાથી પક્ષના કાર્યકરોમાં નિરાશા જન્મે અને તેઓ કોંગ્રેસ કે ભાજપમાં જોડાઈ શકે છે. આ કેસ ૨૦૦૩નો છે, જ્યારે રાજ્યમાં અજીત જોગીની કોંગ્રેસ સરકાર હતી. એટલે કોંગ્રેસને નૈતિક રીતે નુકસાન થઈ શકે.

ભાજપ આ મુદ્દાને ‘ભ્રષ્ટાચાર અને અપરાધમુક્ત શાસન’ના એજન્ડા તરીકે રજૂ કરી શકે છે. તેઓ જનતાને યાદ અપાવશે કે કેવી રીતે તેમના શાસનકાળ દરમિયાન તપાસ તેજ થઈ અને અંતે ન્યાય મળ્યો.

સૌથી મોટું અને સીધું નુકસાન જોગી પરિવાર અને તેમની પાર્ટીને છે. છત્તીસગઢના રાજકારણમાં જે ‘ત્રીજા મોરચા’ની શક્યતા હતી, તે આ ચુકાદા બાદ લગભગ સમાપ્ત થઈ શકે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## ભગવાન ક્યાં નથી



એક દિવસ પ્રાર્થના પછી શિક્ષકે વર્ગમાં પ્રશ્ન કર્યો કે ‘‘બાળકો, તમે અત્યારે કોને પ્રાર્થના કરી?’’ બધાં બાળકો બોલ્યાં, ‘‘સર ભગવાનને…’’ શિક્ષકે આગળ પૂછ્યું, ‘‘શું તમે ભગવાનમાં માનો છો.’’બાળકો એક સાથે બોલ્યાં, ‘‘હા સર…’’બાળકો કહેવા લાગ્યાં ‘‘સર, મારા ઘરે જ મંદિર છે અને રોજ પૂજા થાય છે.’’… ‘‘સર, હું રોજ દાદી સાથે મંદિરે જાઉં છું….’’ ‘‘સર,અમારે ત્યાં રોજ ભગવાનને ભોગ ધરાવીને જ જમવાનો નિયમ છે.’’

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

શિક્ષકે પૂછ્યું, ‘‘આ બધું તમે કરો છો તે ભગવાન ક્યાં રહે છે અને ક્યાં મળે તેની ખબર છે?’’ પહેલાં તો બાળકો કંઈ બોલ્યાં નહિ. એક જણે હિંમત કરી કહ્યું, ‘‘સર, ભગવાન મંદિરમાં રહે છે…’’એક બાળકી બોલી, ‘‘સર, ભગવાન મારા ઘરે જ રહે છે. હું તો સવાર સાંજ ભગવાનને મળું છું અને રવિવારે તો હું જ ભગવાનને તૈયાર પણ કરું છું.’’

શિક્ષકને બાળકોના જવાબો સાંભળવાની મજા આવી રહી હતી. તેમણે પેલી બાળકીને આગળ કહ્યું, ‘‘બેટા, તેં કહ્યું તું રોજ ભગવાનને મળે છે તો હું તને ૧૦૦ રૂપિયા આપીશ. શું તું મને ભગવાન સાથે મેળવીશ? મારે એક વાર ભગવાનને મળવું છે.’’

નાનકડી બાળકીએ કહ્યું, ‘‘સર, હું તમને મારી આખી પિગી બેંક આપી દઈશ. જો તમે મને કહેશો કે ભગવાન ક્યાં નહિ મળે?’’ શિક્ષક નાનકડી બાળકીનો સવાલ સાંભળીને બે ઘડી વિચારમાં પડી ગયા. તેમને કંઈ સમજાયું નહિ કે શું કહેવું.

નાનકડી બાળકી આગળ બોલી, ‘‘સર, મારી મમ્મી કહે છે કે ભગવાન બધે જ છે અને જો સાચા મનથી તેને યાદ કરીએ તો તે આપણી બધી વાત સાંભળે છે.હંમેશા આપણી સાથે રહે છે.એટલે તમે મનથી જ્યાં યાદ કરશો ત્યાં તમને ભગવાન મળશે.’’

નાનકડી બાળકીએ સહજતાથી કેટલી સુંદર અને ગહન વાત કરી દીધી.બાળકી નાનકડી હતી શ્રધ્ધા અને સમર્પણ જેવું કંઈ સમજતી હતી પણ મમ્મી અને ઘરના બધાની વાતમાં વિશ્વાસ ધરાવતી હતી. તેના મનમાં કોઈ શંકા ન હતી, કોઈ તર્કવિતર્ક ન હતા એટલે તેને માટે ભગવાન સાથે જ હતા, ઘરમાં જ હતા.

જો તમારા મનમાં અડગ વિશ્વાસ અને સાચી શ્રદ્ધા હોય તો ભગવાન બધે જ છે અને તેઓ હંમેશા તમારી સાથે જ તમારા ઘરમાં અને તમારા મનમાં જ રહે છે.

# ‘વિકસિત ભારત’: વાસ્તવિકતા કે ભ્રામકતા?- વિનોદ પટેલ

આપણા વડાપ્રધાનશ્રીના નિવેદન પ્રમાણે, ભારત વિશ્વનું ચોથા ક્રમનું અર્થતંત્ર બની ગયું છે. ‘સમૃદ્ધ ભારત-વિકસિત ભારત’ના નારા ગૂંજે છે. છાતી ગજ ગજ ફૂલે એવી વાત છે. આપણે ખુશ થવું જોઈએ? વડાપ્રધાનનું પદ સંભાળ્યા પછી એમણે ભારતને સ્વાવલંબી અને વિકસિત બનાવવા માટે ધ્યાન કેન્દ્રિત કરી, વિવિધ પ્રકલ્પો હાથ ધર્યા. રાષ્ટ્રનાં સંસાધનો અને માળખાકીય સુવિધાઓની વિપુલતા માટેની યોજનાઓ ઘડી.

આ યોજનાઓના અમલીકરણના ફલસ્વરૂપ, પહેલાંના કરતાં આજનાં બસ સ્ટેશનો, રેલવે સ્ટેશનો, એરપોર્ટો વધુ સુવિધાવાળાં હાઈટેક બન્યાં છે. આઠ-આઠ લેનના એક્સપ્રેસ હાઈ વે એ માનવકલાકો ઘટાડયા છે. માલની હેરાફેરી, મુસાફરી વધુ ઝડપી બની છે. પર્વતોમાંથી પસાર થતી ટનલો, બ્રિજો, મેટ્રો ટ્રેન, બુલેટ ટ્રેન, વંદેભારત ટ્રેનથી ભારતની માળખાકીય સવલતો વધી છે. હાઈટેક યુનિવર્સિટીઓ, ગલગલિયાં કરાવે તેવી ‘ગુલગોટિયા યુનિવર્સિટી.’ AI સમીટ, ટેકનોલોજીકલ કમીટમેન્ટ્સ અને એમ.ઓ.યુ. સ્માર્ટસીટીની સ્માર્ટ પરિકલ્પનાઓ. ઝીરો સ્લમ એરિયા માટે, શહેરના પોશ વિસ્તારમાં ઘૂસાડેલા સુમન આવાસો. આ બધું ભારતને વિકસિત કહેવા માટે પર્યાપ્ત નથી? ગ્રામ વિસ્તારની ઝૂંપડપટ્ટીમાં પણ આર.સી.સી. અને પેવર બ્લોકના રસ્તા. ફિલ્ટર પ્લાન. અદ્યતન હોસ્પિટલો, જન ઔષધિ કેન્દ્રો, આ યાદી હજુ લંબાવી શકાય તેમ છે. આ બધું શું વાસ્તવિક નથી? જેનો લાભ પ્રજા લઈ રહી છે.

માણસ ઝૂંપડપટ્ટીમાંથી સુમન આવાસનાં પાકાં મકાનોમાં વસતો થાય, તે પહેલું માઈગ્રેશન છે. એ પછી આલિશાન બંગલો કે ફ્લેટમાં નિવાસ કરે તો તે બીજું માઈગ્રેશન છે. ભવ્યવીલામાં નિવાસ કરે તો તે ત્રીજું માઈગ્રેશન છે. આમ રાજમહેલ અને રાષ્ટ્રપતિભવન સુધી પહોંચી શકાય.

હવે અહીં સુધી પહોંચ્યા પછી થોડું આત્મનિરીક્ષણ કરીએ. 360 ઓરડાવાળા રાષ્ટ્રપતિભવનમાં માત્ર એક કે બે જ જણાં રહેતાં હોય અને ત્યાંથી અઢી કિલોમીટરના અંતરે હજારો મજૂરો, કામદારો કડકડતી ઠંડીમાં તેનાં નવજાત બાળકો સાથે ઠંડીથી ખુલ્લામાં ધ્રૂજતાં હોય કે બળબળતા બપોરે 42 ડિગ્રી તાપમાને શેકાતાં હોય તો, વિકાસના માપદંડો શંકાના દાયરામાં આવે છે. એને કઈ રીતે વિકાસ કહી શકાય?

દેશમાં એકસો ચાલીસ કરોડ માણસોમાંથી એકસો કરોડ માણસો સ્માર્ટફોનધારકો હોય તેને વિકાસ ત્યારે જ કહી શકાય જ્યારે બાકીના ચાલીસ કરોડ માણસો જેની પાસે

**વિનોદ પટેલ**

> **દેશમાં એકસો ચાલીસ કરોડ માણસોમાંથી એકસો કરોડ માણસો સ્માર્ટફોનધારકો હોય તેને વિકાસ ત્યારે જ કહી શકાય જ્યારે બાકીના ચાલીસ કરોડ માણસો જેની પાસે આજે શૌચાલયો પણ નથી તેઓને આ પ્રાથમિક સુવિધા પ્રાપ્ત થાય**

આજે શૌચાલયો પણ નથી તેઓને આ પ્રાથમિક સુવિધા પ્રાપ્ત થાય.

અર્થશાસ્ત્રમાં કહેવાયું છે કે આર્થિક વિકાસ કોઈ પણ દેશની પાયાની, પ્રાથમિક જરૂરિયાત છે. 100 માંથી 60 માણસો બેકાર છે. રોજગાર ઝૂંટવાઈ ગયો છે. દિનપ્રતિદિન બેરોજગારીનું પ્રમાણ વધતું જાય છે. આપણા દેશમાં યુવાધન વિપુલ માત્રામાં છે. એ માનવશક્તિ પણ છે. જો એ તમામને તેમની લાયકાત અને ક્ષમતા પ્રમાણે કામ આપવામાં આવે તો દેશનો વિકાસ ઝડપથી વધે. આપણે ત્યાં માનવ આવકની વહેંચણી સભાનતાના ધોરણે થતી નથી. તેથી વૃદ્ધિ અને વિકાસ આ બે વચ્ચેનો ભેદ સ્પષ્ટ થતો નથી.

લેખની શરૂઆતનો પ્રથમ સિનેરિયો જરૂરિયાતોના માઈગ્રેશનનો છે, વૃદ્ધિનો છે. વિકાસનો નથી. એ તો ભ્રામકતા છે. ક્યારેક ભ્રામકતા વાસ્તવિક જણાય છે પરંતુ તે સર્વાંગસંપૂર્ણ, સર્વગ્રાહી વાસ્તવિકતા હોતી નથી.

આજે દેશના તમામ ક્ષેત્રમાં, પછી તે સરકારી હોય કે ખાનગી, ઓછાં કર્મચારીઓથી ચલાવી લેવામાં આવે છે. કર્મચારીઓનું આર્થિક, શારીરિક અને માનસિક શોષણ થાય છે. તેથી તે પૂરી એકાગ્રતા અને સજ્જતાથી કામ કરતો નથી. કામમાં વેઠ ઉતારે છે. સતત અસંતોષથી પીડાય છે. તેને જોબ સેટીસફેક્શન નથી. તેની સીધી અસર કામની ગુણવત્તા પર પડે છે. અર્થશાસ્ત્રના અભ્યાસુઓને ખબર છે કે રોજગારી જ વિકાસનું ગ્રોથ એન્જિન છે. કઈ રીતે? રોજગારી મળે તો આવક વધે. આવક વધે તો ખર્ચ વધે. ખર્ચ વધે તો ડિમાન્ડ વધે. ડિમાન્ડ વધે તો પ્રોડકશન વધે. નિકાસ વધે અને અંતે દેશનો વિકાસ વધે. ગ્રોથ એન્જિનનાં આ ઈંધણો છે. પહેલાં આપણે કહેતા હતા કે ભારત કૃષિપ્રધાન દેશ છે. આજે આ વિધાન સંપૂર્ણ સાચું નથી. ખેતીની જમીન પર ઔદ્યોગિક એકમો સ્થપાઈ ચૂક્યાં છે. આ એકમો હવે ઠેઠ ગ્રામ્ય વિસ્તારની ભાગોળે આવી પહોંચ્યાં છે. ખેતીલાયક જમીન ઘટતી જાય છે. કુદરતી આફતો સામે ખેડૂતો લાચાર છે. એમને સૌથી વધુ પજવતો શબ્દ છે- ‘માવઠું’!

લોકલી ડેવલપમેન્ટને સ્થાને ગ્લોબલી ડેવલપમેન્ટ થઈ રહ્યું છે. જરૂર છે, ગુગલથી ગુરુકુળ તરફ વળવાની. ગ્લોબલથી લોકલ તરફ દૃષ્ટિપાત કરવાની.

જો કે સરકાર એ દિશામાં વિચારણા કરે છે. નવી નવી યોજનાઓ લાવે છે. પરંતુ હજુ સુધી તમામ યોજનાઓના તમામ લાભો સંપૂર્ણ રીતે ગ્રામ વિસ્તારનાં લોકો સુધી પહોંચ્યાં નથી એ પણ સત્ય છે.

વિકાસનો માપદંડ માત્ર જીડીપી નથી પણ સ્થાનિક નબળા વર્ગનો ઉત્કર્ષ છે. વિકાસ માત્ર ઉપલા વર્ગનાં ધનિકો માટે જ નહિ પરંતુ દેશના આમ આદમીની પાયાની જરૂરિયાતો સંતોષે તેવો હોવો જોઈએ.આ માટે નિમ્ન અને વંચિત વર્ગોએ પણ સમજ કેળવવાની જરૂર છે. સરકારની યોજનાઓ માટે લાયક બનવું પડે. જે યોજનાઓ કે લાભો તેમના માટે સરકાર અમલમાં મૂકે છે તેનો પૂરો લાભ ઉઠાવી કદરની ભાવના વિકસાવે અને દેશના હિતમાં યથાયોગ્ય પ્રદાન કરે.

વિકાસ એકમાર્ગીય બની રહેવો ન જોઈએ. તમામ વર્ગનાં લોકો માટે, બહુમાર્ગીય અને બહુવિકલ્પ બની રહેવો જોઈએ.

શિક્ષણ પણ પ્રાથમિક જરૂરિયાત છે. 6 થી 14 વર્ષનાં બાળકોને મફત, ફરજિયાત અને સાર્વત્રિક શિક્ષણ પૂરું પાડવાની જવાબદારી સરકારની છે. ભારતના બંધારણમાં આ વાત લખાયેલી છે. આજે કે.જી. થી પી.જી. સુધીના શિક્ષણની શી દશા છે? શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓમાં પૂરતો સ્ટાફ નથી. જે છે તેના પર કામનો બમણો બોજ પડે છે. સ્વનિર્ભર સંસ્થાઓમાં તો તેમનાં પગાર ધોરણો ખૂબ ઓછાં છે. દેખીતું શોષણ છે. બેકારી એટલી હવે વધી છે કે એન્જિનિયરો સામાન્ય કલાર્ક, પટાવાળાની નોકરી માટે અરજી કરે છે! સ્વનિર્ભર શાળા-કોલેજોને 10-15 હજારમાં શિક્ષિત વેઠિયાઓ મળી રહે છે!

આવાં તમામ પાસાંઓનો અભ્યાસ કરતાં લાગે છે કે દેશનું ચોથા ક્રમનું અર્થતંત્ર એ વૃદ્ધિ છે, વિકાસ નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## નગરસેવક બનવા આટલી ઉત્સુકતા કેમ?

સુરત મ્યુનિ.ની ચૂંટણી લડવા માટે સુરત મ્યુનિ.ના 1 થી 12 વોર્ડની માત્ર 42 બેઠક માટે 800 નેતા કાર્યકરોએ દાવેદારી નોંધાવી છે જે ખૂબ જ આશ્ચર્યજનક બાબત છે. પ્રશ્ન એ છે કે સુરત શહેરની જનતાની સેવા માટે નગરસેવક બનવા રાફડો ફાટી નીકળ્યો છે. જે અનેક પ્રશ્નો ઊભા કરે છે. વધુમાં ક્રાઈટેરિયા જાહેર થયા ન હોવાથી 60થી વધુ ઉંમરના નેતા અને કાર્યકરોએ ટીકીટ માંગી છે. હવે આના નિરાકરણના જવાબ રૂપે મ્યુ. કોર્પોરેટરોની ચૂંટણી માટે પણ કલાર્ક નોકરી ઈચ્છુક ઉમેદવાર જેમ એની ટર્મ કન્ડીશનની જોગવાઈ કરવી જરૂરી છે. જેમકે ઉમેદવાર સ્નાતક હોવો જોઈએ. કોઈ પણ કાયદાકીય કાર્યવાહીથી મુકત હોવો જોઈએ. ઉંમરમર્યાદા 60થી વધુ ન હોવી જોઈએ અને વિશેષ કરીને સમાજસેવકનો અનુભવ ધરાવતો હોવો ખૂબ જ જરૂરી છે. કારણ કે તે નગરસેવકની ઉમેદવારી નોંધાવે છે. આ અંગે દરેક પક્ષના સત્તાધીશોએ જનહિતમાં ગંભીરતાથી વિચારવું જરૂરી બન્યું છે.

**સુરત - રાજુ રાવલ**

## આદર્શ શિક્ષક કે વિદ્યાર્થી?

આજના શિક્ષણક્ષેત્રમાં એક મહત્વનો પ્રશ્ન ઊભો થાય છે કે આદર્શ શિક્ષક જરૂરી છે કે આદર્શ વિદ્યાર્થી? વાસ્તવમાં, બંને એકબીજાના પ્રતિબિંબ છે, પરંતુ આજની પરિસ્થિતિમાં બંને તરફ ખામી સ્પષ્ટ દેખાય છે. એક તરફ શિક્ષક પર અભ્યાસક્રમ પૂર્ણ કરવાની દોડ, પ્રશાસનિક કામો અને પરિણામનો દબાણ છે, જેના કારણે શિક્ષણમાં સર્જનાત્મકતા ઘટી રહી છે. ઘણા સ્થળોએ શિક્ષક માત્ર પાઠ્યપુસ્તક પૂરતા જ સીમિત થઈ ગયા છે. બીજી તરફ, વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા અને શીખવાની તલપ ઘટતી જાય છે; તેઓ માટે શિક્ષણનો અર્થ ગુણ અને પરીક્ષા સુધી જ સીમિત થઈ ગયો છે. આ સ્થિતિમાં પ્રશ્ન એ નથી કે દોષ કોનો છે, પરંતુ એ છે કે ઉકેલ શું છે. જો શિક્ષક પ્રેરણાદાયક નહીં હોય તો વિદ્યાર્થી ઉત્સાહી નહીં બને અને જો વિદ્યાર્થીમાં શીખવાની ઈચ્છા નહીં હોય તો શિક્ષકનું શ્રેષ્ઠ પણ નિષ્ફળ જશે. શિક્ષણ એક સહયાત્રા છે, જેમાં બંનેની સક્રિય ભાગીદારી જરૂરી છે. નહીં તો શિક્ષણ માત્ર ઔપચારિકતા બની રહેશે અને પ્રશ્ન યથાવત રહેશે.

**સુરત - પ્રા. સાગર અનિલભાઈ ગાંધી**

## ઈરાન : હમ કિસીસે કમ નહિ

હાવમાં ઈરાન-ઈઝરાયેલ-અમેરિકા વચ્ચે યુધ્ધ ચાલી રહ્યું છે. જેમાં ઈરાન નાનો દેશ હોવા છતાં વિશ્વની મહાસત્તા ગણતાં અમેરિકાને મચક આપતું નથી અને હંફાવી રહ્યું છે. ટ્રમ્પે ભાન ભૂલીને ઈરાન સામે ગાળા-ગાળી ભરી પોસ્ટ સેર કરીને ઈરાનને ધમકી આપી છે કે હોમુંઝ ખાડીનો માર્ગ ખોલવામાં ન આવે તો ઈરાન પર મોટા હુમલા કરી તબાહ કરી નાખીશું. આવી ધમકીભરી પોસ્ટ વાઈરલ કરી છતાં ઈરાન યુધ્ધ વિરામ કે શાંતિ મંત્રણા માટે તૈયાર નથી. આમ ઈરાન-ઈઝરાયેલના હુમલાથી અમેરિકાના અર્થતંત્ર પર ભારે અસર પડી છે અને આવશ્યક વસ્તુના ભાવો વધી ગયા છે. ટ્રમ્પની મનમાની જોહુકમી સામે ઈરાન ઝુકતું નથી એટલે એવું કહેવા માંગે છે. હમ કિસીસે કમ નહીં- ટ્રમ્પ સત્તા પર આવ્યા ત્યારથી જ વિવાદમાં સપડાયેલા છે. ભારત માટે નિગ્ન કક્ષાની વાતો કરે છતાં પ્રધાનમંત્રી મોદી ચુપ કેમ છે? હાલમાં જે બે સપ્તાહનું યુધ્ધ વિરામ અપાયું છે ત્યારે જોવાનું છે કે આ શાંતિ ક્યાં સુધી રહેશે ખરેખર તો યુધ્ધ વિરામના બદલે કાયમી શાંતિ સ્થપાય તે માટે યુધ્ધ વિરામને બદલે પૂર્ણવિરામ મુકવાની જરૂર છે.

**તરસાડા - પ્રવીણસિંહ મહીડા**

## મોંઘવારી અને પ્રદૂષણનો ઉકેલ સાયકલ

સરકારશ્રી, દેશના અગ્રણી ઉદ્યોગપતિઓ અને આમ જનતાનું વર્તમાન સમયના અત્યંત મહત્વના મુદ્દા મોંઘવારી અને પ્રદૂષણના ઉકેલરૂપે સાયકલના વધુમાં વધુ ઉપયોગને પ્રોત્સાહન આપવા બાબતે ધ્યાન દોરવા માગું છું. તાજેતરમાં સુરત શહેરના અલગ અલગ વિસ્તારોમાં રોડવેન્ડર્સ દ્વારા નવી સાઈકલનું ખૂબ વેચાણ થઈ રહ્યું છે બે ત્રણ મહિના પહેલા વરાછા વિસ્તારમાં અને માર્ચ મહિનામાં અડાજણ વિસ્તારમાં લોકો સવારમાં લાઈનમાં ઊભા રહીને સાયકલ ખરીદતા જોવા મળ્યા. પેટ્રોલ-ડીઝલનો વપરાશ ઘટશે. વાહનોના ધુમાડો ઓછો થવાથી હવાના પ્રદૂષણમાં નોંધપાત્ર ઘટાડો થશે. રોજિંદા જીવનમાં સાયકલની આદત પડવાથી લાંબાગાળે લોકોની તંદુરસ્તીમાં સુધારો થશે. આ સાથે જ જો સરકાર પણ સાયકલની ખરીદી પર સબસીડી જાહેર કરે, તો આ સકારાત્મક પરિવર્તનને ખૂબ મોટી ગતિ મળી શકે.

**સુરત - મુકેશ લાલવાલા**

## બેસણું કે મજાક!

સ્વજનના મૃત્યુ પછી શોકસભા,બેસણું કે પ્રાર્થના સભાનું આયોજન થાય છે.પરિવાર પર આવી પડેલ આઘાતમાં તેમને એકત્રિત થયેલ સમાજ હાજર રહી તમે એકલા નથી,અમે સૌ આપની સાથે છીએ એવો અહેસાસ કરાવી સાંત્વના બક્ષે એ મુખ્ય હેતુ હોય છે.જેનાથી પરિવારને માનસિક હૂંફ મળે છે.આ લૌકિકપણું છે,પણ હાલના સમયમાં જે દ્રશ્ય સર્જાય છે તેમાં દેખાડો વધુ અને સંવેદના ઓછી દેખાય છે.લોકો હાજરી પુરાવવા આવતા હોય એવી અનુભૂતિ થાય છે.શોક ઓછો અને ઔપચારિકતાનું મહત્વ વધી રહ્યું છે.ગંભીર મુદ્રામાં મૃતકના ફોટા અને સગા સામે હાથ જોડી ખુરશી પર બેઠક,પછીનું દ્રશ્ય? મૃતકનો શોક બાજુએ અને પોતાના મિત્રો,સગા સંબંધી ને મળ્યાનો ઉમળકો,ઘોંઘાટ,હાસ્ય અને વાતોનો ગણગણાટ. લૌકિકપણાની ગરિમા જળવાતી નથી.પ્રાર્થનાસભા,પણ પ્રાર્થના ક્યાં?સતત ધૂન ચાલતી રહે,સૌ એમાં જોડાય તો સામુહિક પ્રાર્થનાથી મૃતક ને શાંતિ મળે. આવા પ્રસંગે લોકો મોબાઈલમાં વ્યસ્ત રહે, રિંગટોન વાગે એ મૃતકના પરિવાર નો અનાદર દર્શાવે છે.મોતનો મલાજો જળવાય તો બેસણું, ઉઠમણું, શોકસભા કે પ્રાર્થનાસભાનો મલાજો જળવાવો જોઈએ.બેસણું અનિવાર્ય હોય તો તેની પવિત્રતા જળવાવી જરૂરી છે,નહીં તો મજાક બની રહે છે.એના કરતાં ઘરેથી જ મૃત આત્માની સદગતિ માટે બે ને બદલે 20 મિનિટ મૌન સાથે પ્રાર્થના કરી લઈએ તો!

**સુરત - અરુણ પંડ્યા**

## બોલીનો વારસો અને લિપિનું સંકટ

દરેક શહેર વિસ્તારની પોતાની એક આગવી બોલી હોય છે અને તેને વિકસતા પેઢીઓ લાગે છે. વ્યક્તિએ પોતાની બોલીના વારસાને વળગી રહેવું જોઈએ. નહીંતર, બોલીના વારસાને ભૂંસાઈ જવામાં કે ગુમાવવામાં ૨ થી ૩ દાયકાથી વધુ સમય નહીં લાગે. મોટાભાગની યુનિવર્સિટીઓના ભાષાશાસ્ત્ર વિભાગમાં આવી બોલીઓને સાચવવા માટે ખાસ વિભાગો હોય છે. તે ઈતિહાસ સાથે જોડાણ કરાવે છે. જેમ કે, દક્ષિણ ગુજરાતની બોલી પર્સિયન (ફારસી), પોર્ટુગીઝ અને મરાઠી તરફ વધુ ઝુકાવ ધરાવે છે. સુરતી બોલી પરના વિવિધ ભાષાઓના પ્રભાવને સંક્ષિપ્તમાં જોઈએ તો, સુરત એક ઐતિહાસિક બંદર અને વ્યાપારી કેન્દ્ર હોવાથી અહીં ફારસી, પોર્ટુગીઝ, અંગ્રેજી અને મરાઠી જેવી ભાષાઓનું અનોખું મિશ્રણ જોવા મળે છે. મેવાડી, મારવાડી અને કચ્છી જેવી સમૃદ્ધ બોલીઓ આજે પણ માત્ર મૌખિક પરંપરા અને લોકસાહિત્ય પર ટકી રહી છે, કારણ કે તેમની પાસે પોતાની કોઈ સત્તાવાર લિપિ (Script) નથી. લિખિત પુરાવાઓના અભાવે આ બોલીઓ માટે દેવનાગરી કે ગુજરાતી લિપિનો સહારો લેવો પડે છે, પરંતુ તે આ ભાષાઓના વિશિષ્ટ ઉચ્ચારો અને લહેકાને સંપૂર્ણપણે પકડી શકતી નથી. યુનિવર્સિટીઓમાં સમર્પિત ભાષાશાસ્ત્ર વિભાગોની ગેરહાજરીને કારણે આ બોલીઓના વ્યાકરણ અને ફોનેટિક સ્ક્રિપ્ટનો વૈજ્ઞાનિક વિકાસ થઈ શક્યો નથી. જો આગામી સમયમાં આ દિશામાં નક્કર પગલાં લેવામાં નહીં આવે, તો આ ભાષાઓની મૌલિકતા અને તેમનો પેઢીઓ જૂનો વારસો લુપ્ત થવાનું જોખમ તોળાઈ રહ્યું છે.

**સુરત - ડૉ. પંકજ જે. ગાંધી**